Extra No. 139

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] WEDNESDAY, JUNE 10, 2026 / JYAISTHA 20, 1948

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 9th June, 2026

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

No.GH/V/106 OF 2026/UDUHD/TPS/e-file/18/2026/1900/L: WHEREAS, under section 41(1) of the Gujarat Town Planning and Urban Development Act, 1976 (President's Act No. 27 of 1976) Surat Urban Development Authority, Surat has declared its intention of making of the Draft Town Planning Scheme No. 102 (Kanad) (hereinafter referred to as "the said Act", "the said Authority" and "the said Draft Scheme" respectively);

AND WHEREAS, under section 42(1) of the said Act, the said Authority made and published the said Draft Scheme, duly in the prescribed manner in respect of the area included in the said Draft Scheme;

AND WHEREAS, after taking into consideration, objection or suggestion received by the said Authority, the said Authority submitted the said Draft Scheme to the State Government for sanction under section 48(1) of the said Act, in the manner provided therein;

NOW THEREFORE, in exercise of the powers conferred by section 48(2) of the said Act, the Government of Gujarat hereby:-

(a) Sanction the said Draft Scheme subject to the modifications enumerated in the SCHEDULE appended hereto;

(b) State that the said Draft Scheme shall be kept open for inspection by the public, at the office of the Appropriate Authority, during office hours on all working days.

SCHEDULE

While finalizing the said Draft Scheme, the Town Planning Officer shall take necessary action to incorporate the changes as directed in the ANNEXURE attached herewith.

એનેક્ષર

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૦૨ (કણાદ), સુરત

NOTIFICATION NO. GH/V/106 OF 2026/UDUHD/TPS/e-file/18/2026/1900/L

1. યોજનામાં સમાવિષ્ટ મૂળખંડ નં.૪૪ માં "મંજૂર થયેલ લે-આઉટ પ્લાન મુજબના સબ પ્લોટોને સદર મૂળખંડની સામે ફાળવેલ અંતિમખંડમાં સમાવેશ કરવા માટે રીવાઇઝ સબ પ્લોટીંગ કરવાનુ થાય તો ફકત મંજૂર થયેલ હેતુ માટે જ સબ પ્લોટીંગ કરી શકાશે, તે સિવાયના અન્ય હેતુ માટે સદર અંતિમખંડ/અંતિમખંડોનો ઉપયોગ કરતી વેળાએ યોજનામાં ખુલ્લી જમીનમાં અપનાવેલ સામાન્ય કપાતના ધોરણ મુજબ એગ્રીગેટ કપાત કરવાની રહેશે. (નોંધ: સબ પ્લોટની જમીનનુ અન્ય અંતિમખંડ/સબ પ્લોટ સાથે એકત્રીકરણ કરી શકાશે નહીં.)" તેવી નોંધ એફ ફોર્મના રીમાર્કસ કોલમમાં આમેજ કરવાની રહેશે.

2. મંજૂર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૫ના વિભાગીય નકશા અને યોજનાના નકશા નં.૩ મુજબ યોજનાની દક્ષિણ-પશ્ચિમ તરફેની હદમાં, દક્ષિણ-પૂર્વ તરફની હદમાં તેમજ ઉત્તર-પૂર્વ તરફની હદો તથા ગામતળની હદોમાં રહેલ વિસંગતતા બાબતે અધિકૃત રેકર્ડ સાથે જરૂરી ચકાસણી કરી અને લાગુ યોજનાની હદો સાથે મેળવણુ કરી યોજનાની હદ યોગ્ય રીતે દર્શાવવાની રહેશે.

3. સુડાની મંજૂર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૫ની દરખાસ્તમાં યોજનાની ઉત્તર-પૂર્વેની હદ તરફે સ.નં. ૫૬, ૫૦/પૈકી, ૪૭/પૈકી, ૨૧૮, ૧૯૯ તથા ૨૦૦/પૈકીની લાગુમાંથી કેનાલ પસાર થતી જણાય છે. તેમજ, સેટેલાઈટ ઈમેજ જોતા કેનાલની સમાંતરે હયાત રસ્તો જણાય છે. જ્યારે, સદર દરખાસ્તના નકશા નં.૩ માં સદર કેનાલ પર ૩૬.૦ મી. પહોળાઈનો ટી.પી. રોડ સૂચિત કરવામાં આવેલ છે. જે અન્વયે ડી.આઈ.એલ.આરશ્રી રેકર્ડ, હયાત સ્થળસ્થિતિ, સિંચાઇ વિભાગના અધિકૃત રેકર્ડની વિગતો સાથે ચકાસણી/ખરાઈ કરી કેનાલ દર્શાવવા બાબતે યોગ્ય નિર્ણય લેવા તેમજ હયાત કેનાલને ધ્યાને રાખી સુચિત ટી.પી. રસ્તાનું આયોજન કરવા અંગે સતામંડળના પરામર્શમાં રહી પુનઃવિચારણા કરવાની રહેશે.

4. મંજૂર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૫ની દરખાસ્ત મુજબ રે.સ.નં.૫૯ વોટરબોડી દર્શાવેલ છે. જ્યારે નકશા નં.૩ તથા ફોર્મ-એફની વિગતો જોતા મૂળખંડ નં.૬૮ (રે.સ.નં.૫૯) માં ખાનગી માલિકી જણાય છે. જેથી સદર બાબતે અધિકૃત ડી.આઈ.એલ.આર.શ્રી રેકર્ડ તથા રેવન્યુ રેકર્ડ સાથે જરૂરી ચકાસણી કરી યોગ્ય સુધારો કરવાનો રહેશે.

5. મંજૂર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૫ની દરખાસ્ત મુજબ યોજનાની વચ્ચેથી યોજનાની પૂર્વ તરફ રે.સ.નં.૫૩ પાસેથી પસાર થતી ''Drain" અન્વયે ડી.આઈ.એલ.આરશ્રી રેકર્ડ, હયાત સ્થળસ્થિતિ, અધિકૃત રેકર્ડની વિગતો ચકાસી સમુચિત સત્તામંડળના પરામર્શમાં રહી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

6. નકશા નં. ૩ માં પસાર થતી કેનાલ ઉપર દર્શાવેલ સૂચિત રસ્તાઓ ડોટેડ લાઈનથી દર્શાવવાના રહે તથા કેનાલને એક જ મૂળખંડ/અંતિમખંડ નંબર આપવા તેમજ સદર કેનાલની જમીન સંપાદનની વિગતો સિંચાઈ વિભાગ પાસેથી મેળવી તથા તે પરત્વે કરેલ દરખાસ્ત અંગે સિંચાઈ વિભાગની જરૂરી મંજુરી મેળવી આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

7. યોજના વિસ્તારમાં દક્ષિણ દિશા તરફે પૂર્વેથી પશ્ચિમ દિશા તરફે પસાર થતી P.I.L. (Pipeline Infrastructure Limited) લાઈનની વિગતો સંબંધિત ખાતા પાસેથી મેળવી, નકશાઓમાં યોગ્ય રીતે દર્શાવવાના રહેશે.

8. પ્રસ્તુત યોજનામાં સમાવિષ્ટ જમીનો બાબતે સરકારશ્રીના તા.૨૩.૧૨.૨૦૨૨ના પત્ર નં.નરય-૧૪૨૦૨૦-મુમક-૫૮૪-લ તથા તા.૧૮.૦૮.૨૦૨૫ના પત્ર નં. UDUHD/MSM/e-file/18/2025/ 2561/L ના પત્રોમાં ઉલ્લેખીત સર્વે/ બ્લોક નંબરના મૂળખંડોને યોજના વિસ્તારમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. અક્ષરધામના બાંધકામ માટે અંતિમખંડો ફાળવાયેલ છે તે સિવાયના યોજના વિસ્તારમાં મૂળખંડથી દુર અંતિમખંડો ફાળવેલ હોય તેવા મૂળખંડોને શક્યત: મૂળખંડની નજીક/મૂળખંડની જમીનમાં અંતિમખંડો ફાળવવા અંગે નિર્ણય લેવાનો રહેશે.

9. યોજનામાં સમાવિષ્ટ વોટર બોડીને ફાળવેલ અંતિમખંડો બાબતે સ્થળ સ્થિતિ અને આયોજનની દ્રષ્ટીએ જરૂરી ચકાસણી કરી સમુચિત સત્તામંડળના પરામર્શમાં રહી નિર્ણય લેવાનો રહેશે.

10. યોજના વિસ્તારમાંથી પસાર થતી હાઈટેંશન લાઇન/ગેસ લાઈનથી અસર પામતા મૂળખંડોના સપ્રમાણમાં અંતિમખંડ ફાળવવામાં એકસૂત્રતા જાળવવાની રહેશે. (દા.ત. મૂળખંડ નં. ૫૪, ૬૦, ૬૧, ૬૯, ૮૫, ૮૮, ૯૧, ૧૧૧, ૧૧૫, ૧૩૪, ૧૩૫, ૧૩૬/૧, ૧૩૬/૨/૧, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૬૪ વિગેરે)

11. યોજનામાં એક જ મૂળખંડની સામે એક કરતા વધુ અંતિમખંડોને મૂળખંડની જગ્યાથી દૂર ફાળવેલ હોય તેવા મૂળખંડની સ્થળ-સ્થિતિ મુજબ શક્યત: મૂળખંડની નજીક/ મૂળખંડમાં જ સંયુક્ત અંતિમખંડ ફાળવવા અંગે નિર્ણય લેવાનો રહેશે. (દા.ત. મૂળખંડ નં.૩૪/૧+૩૪/૨, ૫૨, ૫૪, ૬૯, ૧૩૦, ૧૭૦, વિગેરે)

12. યોજનામાં મૂળખંડની સામે ફાળવેલ એક થી વધુ અંતિમખંડોને આયોજનની દ્રષ્ટીએ સંયુક્ત અંતિમખંડ ફાળવવા અંગે યોગ્ય નિર્ણય લેવાનો રહેશે. (દા.ત. મૂળખંડ નં.૪૨, ૧૩૩, સમુચિત સત્તામંડળને ફાળવેલ અંતિમખંડ નં. ૨૬૩ (S.F.R.) અને ૨૬૪ (S.F.R))

13. મૂળખંડ નં.૪૪ માં ખુલ્લી જગ્યા જણાતી હોય, બીનખેતી હુકમની વિગતો, વિકાસ પરવાનગી, હયાત બાંધકામની અધિકૃતતા, સ્થળ સ્થિતી, સ્થળે ખુલ્લી જમીનની ઉપલબ્ધતા વિગેરેની ચકાસણી કરી શક્યત: કપાત વધારવા બાબતે યથોચિત નિર્ણય લેવાનો રહેશે.

14. અંતિમખંડ નં. ૭, ૨૦, ૨૧, ૬૨, ૧૩૬/૨/૨, ૨૦૭ તથા ૨૨૭ તેમજ સમુચિત સત્તામંડળને ફાળવેલ અંતિમખંડ નં. ૩૦૨ (સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર૨) તથા ૩૧૦ (સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર૨)ને શક્યત: સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ની જોગવાઈ મુજબ બાંધકામપાત્ર બની રહે તે મુજબ અંતિમખંડ ફાળવવાના રહેશે.

15. પુન:વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ) માં મૂળખંડ નં.૨૩૫/૧ થી ૨૩૫/૫ કેનાલ તરીકે દર્શાવેલ છે. જ્યારે નકશામાં મૂળખંડ દર્શાવેલ નથી. જેથી સદર બાબતે ચકાસણી કરી નકશામાં કેનાલનો મૂળખંડ નંબર દર્શાવવાનો રહેશે.

16. સમુચિત સત્તામંડળને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડ નં.૨૩૬ (ગાર્ડન)માં બાંધકામ જણાતું હોય, હયાત બાંધકામની અધિકૃતતા ચકાસી સમુચિત સત્તામંડળના પરામર્શમાં રહી ખુલ્લી જગ્યાએ અંતિમખંડ ફાળવવા નિર્ણય લેવા તેમજ સમાન પ્રકારના કિસ્સામાં સમાન પ્રકારની કાર્યવાહી કરવાની રહેશે. (દા.ત. અંતિમખંડ નં. ૨૪૦ (ગાર્ડન), ૨૭૧ (S.E.W.S.H.), ૨૯૧ (S.F.R.), ૨૯૩ (અર્બન ફોરેસ્ટ), ૨૯૯(ગાર્ડન), ૩૦૮(S.F.C.))

17. યોજનામાં મૂળખંડની અવિકસિત સ્થિતિમાં કિંમતના દર તથા અંતિમખંડના અવિકસિત તથા વિકસિત સ્થિતિમાં કિંમતના દરો બાબતે સમુચિત સત્તામંડળના પરામર્શમાં રહી નવેસરથી નક્કી કરવાના રહેશે.

18. યોજનામાં મૂળખંડ તથા અંતિમખંડના અવિકસિત તથા વિકસિત સ્થિતિમાં કિંમતના દર દર્શાવતા પત્રકમાં મૂળખંડો તથા અંતિમખંડોનું અવિકસિત તથા વિકસિત સ્થિતિમાં વર્ણન તથા ધ્યાને લીધેલ વેચાણોની વિગતો યોગ્ય રીતે દર્શાવવાના રહેશે.

19. નકશા નં.૩ માં મૂળખંડ નં.૮૯, ૯૦ અને ૯૧ સામે સંયુક્ત અંતિમખંડ નં. ૮૯+૯૦+૯૧/૨ ફાળવેલ છે. જ્યારે પુન:વહેંચણી અને મૂલ્યાંકન પત્રક(ફોર્મ-એફ) માં ઉક્ત મૂળખંડોને કેસ નંબર તથા અંતિમખંડો અલગ-અલગ દર્શાવેલ છે. જેને સંયુક્ત રીતે અંતિમખંડ નં.૮૯+૯૦+૯૧/૨ તરીકે, એક જ કેસ નંબર તરીકે દર્શાવવા તથા તે સંયુક્ત અંતિમખંડોનું કુલ ક્ષેત્રફળ દર્શાવવા તથા પુન:વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ) ના કોલમ નં.૧૧ થી ૧૫ માં તદાનુસાર આનુસાંગિક જરૂરી સુધારો કરવાનો રહે. તેમજ, સમાન પ્રકારના કિસ્સાઓમાં સમાન પ્રકારની કાર્યવાહી કરવાની રહેશે. (દા.ત. અંતિમખંડ નં.૧૧+૨૩૪, ૧૧૮+૧૨૧, ૧૯૬+૨૨૫, ૧+૨+૩+૪+૬+ ૨૨+૨૬+૨૭+૩૦+૩૨+૪૦+૫૭+૭૮+૭૫+૧૧૬+૧૨૪+૧૨૬+૧૨૯+૧૪૬+૧૫૩+૧૭૧+૧૮૭+૧૮૮+૧૯૧+૧૯૪+૨૦૬)

20. પુન: વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ)ના કેસ નં.૧૧ માં દર્શાવેલ સર્વે નંબરના સત્તાપ્રકાર અલગ અલગ હોઈ તે મુજબ સત્તા પ્રકારની સામે ક્ષેત્રફળ અલગ-અલગ દર્શાવવાના રહેશે.

21. પુન:વહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં દર્શાવેલ સર્વે નંબર/બ્લોક નંબરની વિગતો નકશા સાથે સુસંગત કરવાની રહેશે. (દા.ત. કેસ નં.૨૧, ૧૦૫, ૧૫૮, ૧૫૯, ૧૭૩, ૧૭૪, ૧૭૫, વિગેરે)

22. પુન:વહેચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ) ના કેસ નં.૫૩ તથા ૬૦ ની વિગતોમાં નકશાની સાપેક્ષે મૂળખંડ/ અંતિમખંડ દર્શાવવામાં ક્ષતિ જણાતી હોઈ, જરૂરી ચકાસણી કરી જરૂરી સુધારો કરવાનો રહેશે.

23. પુન: વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ)માં જે કેસોમાં સત્તાપ્રકાર દર્શાવેલ નથી. તેવા કેસોમાં અદ્યતન ગામ નમુના નં.૭ તથા અધિકૃત રેવન્યુ રેકર્ડની ચકાસણી કરી સત્તાપ્રકાર દર્શાવવાના રહેશે. (દા.ત. કેસ નં.૭૫, ૯૨, ૯૭, ૧૦૫, ૧૨૩, ૧૨૪, ૧૨૯, ૧૩૯, ૧૫૬, ૧૬૦, ૧૯૮, ૨૨૨)

24. યોજનામાં જે કેસોમાં સત્તા પ્રકાર “બિનખેતી પ્રિ-પાત્ર”, “નવી અને અવિભાજ્ય”, “ગણોતધારા કલમ-૪૩”, “૭૩-એએ” હોય તેવા તમામ કેસોમાં પુન:વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ)ના કોલમ નં.૧૬(નોંધ) માં તેને અનુરૂપ “શરત/નોંધ” દર્શાવવા (દા.ત. કેસ નં.૩૨, ૩૬ થી ૪૬, ૫૩ થી ૫૬, વિગેરે) તેમજ જમીન માલીકોના હક્કહિસ્સા મુજબ “ફાળા તથા વળતર” અંગેની નોંધ પુન:વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ)ના રીમાર્કસ કોલમમાં તમામ કેસોમાં યોગ્ય રીતે દર્શાવવાની રહેશે.

25. યોજનામાં જે કેસોમાં બ્લોક નંબર/ સર્વે નંબરની જમીનોના પૈકી ભાગનો સમાવેશ યોજના વિસ્તારમાં થતો હોઈ, ડી.આઈ.એલ.આર.શ્રી રેકર્ડ સાથે જરૂરી ચકાસણી કરી તે મુજબ રે.સ.નં./બ્લોક નંબરની વિગતો નકશા તથા પુનઃ વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ) માં દર્શાવવા તેમજ "પૈકી ક્ષેત્રફળવાળી" શરત/નોંધ પુનઃ વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (ફોર્મ-એફ)ના રીમાર્કસ કોલમમાં યોગ્ય રીતે દર્શાવવાની રહેશે. (દા.ત. રે.સ./ બ્લોક નં.૧૬૮, ૧૬૯, ૧૭૧, વિગેરે)

26. નકશામાં મૂળખંડ નં. ૬૮, ૮૭, ૧૬૮ તથા ૧૦૩ ની હદો દર્શાવવામાં રહેલ વિસંગતતા બાબતે જરૂરી ચકાસણી કરી યોગ્ય સુધારો કરવાનો રહેશે.

27. યોજના સાહિત્ય સાથે સામેલ નકશા નં.૧, ૨, ૩ અને ૫ (સેલ્સ પ્લાન)માં સર્વે નંબરોની હદો તથા નંબરો કાળા કલરથી દર્શાવવા તથા નકશા નં.૩, ૪ તથા ૫ માં “પાર્કિંગ” હેતુ માટે ફાળવેલ અંતિમખંડોને ”સામાજિક માળખા(પાર્કિંગ)” તરીકે નિયત કલરકોડથી દર્શાવવાના રહેશે.

28. યોજનાના સાહિત્યમાં તથા નકશાઓમાં જરૂરી ચકાસણી કરી યોજનાનું કુલ ક્ષેત્રફળ, હાઈટેન્શન લાઈનનો વીજભાર, મૂળખંડોની હદો, P.I.L. LINE, ગેસ લાઈન, I.O.C.L. LINE, ગામતળની હદો તથા હયાત બાંધકામની વિગતો દર્શાવવાની રહેશે.

29. યોજનામાં નગર રચના યોજનાની હદો પર સુચવેલ રીઝર્વેશનને લાગુ નગર રચના યોજનાની રીઝર્વેશનની દરખાસ્તો (ખાસ કરીને હેતુ) સાથે સુસંગત રહે તે મુજબ હેતુ સુચવવા અંગે જરૂરી ચકાસણી કરી યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે.

30. પ્રસ્તુત યોજનાનું રોડ નેટવર્ક લાગુ નગર રચના યોજનાઓના રોડ નેટવર્ક સાથે સંકલિત અને સુસંગત બને અને રસ્તાઓની સતતતા જળવાઈ રહે તે પ્રમાણે સત્તામંડળના પરામર્શમાં કાર્યવાહી કરવાની રહેશે.

31. અધિનિયમ-૧૯૭૬ની કલમ ૬૫(૧)(૪), ૭૭(૧)(બી) અને ૭૭(૧)(જી)ની જોગવાઈઓ મુજબ પ્રારંભિક યોજનામાં સુચિત સુવિધાના કામો માટેની સમયમર્યાદા નક્કી કરવા તેમજ તે મુજબ માળખાકીય સુવિધાના ખર્ચના અંદાજોમાં ગણતરી કરવા તથા સ્ટ્રીટ લાઈટ પોલની ગણતરીમાં ક્ષતિ જણાતી હોઈ ચકાસણી કરી જરૂરી સુધારો કરવાનો રહેશે.

32. યોજનામાં ધ્યાને લેવામાં આવેલ વેચાણો દર્શાવતા પત્રકમાં વેચાણ લેનાર, વેચાણ આપનાર તથા વેચાણોની ખેતી/બિનખેતીની જરૂરી ચકાસણી કરી સદર વિગતો આમેજ કરવા તેમજ વેચાણ નં.૪ માં પ્લાન નં.૫ ની સાપેક્ષે બ્લોક નંબર દર્શાવવામાં રહેલ ક્ષતિની ચકાસણી કરી, જરૂરી સુધારો કરવાનો રહેશે.

33. સમુચિત સત્તામંડળને ફાળવેલ અંતિમખંડોની લાભા-લાભની ટકાવારી સમુચિત સત્તામંડળના પરામર્શમાં રહી નક્કી કરવાની રહેશે.

34. સદરહું નગર રચના યોજનાના વિસ્તારમાં આવતી જમીનોમાં ભવિષ્યના વિકાસની સંભાવનાઓ તથા વસ્તીની જરૂરીયાતના આંકલન કરી તેના માટે આંતરમાળખાકીય સવલતો પુરી પાડી શકાય તે માટે સામાજીક માળખા માટેના અંતિમખંડો યોજનામાં જરૂરીયાત મુજબના સ્થળ તથા યોગ્ય ક્ષેત્રફળના સુચવવામાં આવે તે માટે સમુચિત સત્તામંડળના પરામર્શમાં રહી કાર્યવાહી કરવાની રહેશે.

35. શહેરી વિકાસ વિભાગના તા.૦૨.૦૭.૨૦૨૪ના પત્ર મુજબ યોજનામાં અર્બન ફોરેસ્ટ માટે એક જ અંતિમખંડ યોજના વિસ્તારના ૧% મુજબ રાખવા તેમજ અધિનિયમની કલમ-૪૦(૩)(જેજે)(એ)(ii) ની જોગવાઈ મુજબ પાર્ક, પ્લે ગ્રાઉન્ડ, ગાર્ડન અને ખુલ્લી જગ્યાના હેતુ માટેના અંતિમખંડો ફાળવવા સમુચિત સત્તામંડળના પરામર્શમાં રહી કાર્યવાહી કરવાની રહેશે.

By order and in the name of the Governor of Gujarat,

PRAKASH DUTTA,
Officer on Special Duty & Ex-Officio
Joint Secretary to Government.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.06.12 19:10:49 IST